| | | |
|---|---|---|
| | પોલીસ અધિક્ષકશ્રીની કચેરી ભરूચ.<br>એલ.આઇ.બી. શાખા<br>ફોન નંબર : ૦૨૬૪૨ ૨૨૩૩૫૦<br>ઇ-મેઇલ : lib-sp-bha@gujarat.gov.in | |

નંબર : LIB/MMS/ગ્રીન/વિકલી/ /૨૦૨૨,

તારીખ : /૧૨/૨૦૨૨.

વિષય : તારીખ : ૦૫/૧૨/૨૦૨૨ થી તારીખ : ૧૧/૧૨/૨૦૨૨ સુધીના ગ્રીન કેટેગરીના પેપર કટીંગની માહિતી મોકલવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુ કે, તારીખ : ૦૫/૧૨/૨૦૨૨ થી તારીખ : ૧૧/૧૨/૨૦૨૨ સુધીમાં જુદા-જુદા ન્યુઝપેપરમાં આવેલ ગ્રીન કેટેગરીના સારી કામગીરીના પેપર કટીંગની માહિતી તૈયાર કરી આ સાથે પેટામાં સામેલ રાખી મોકલી આપેલ છે. જે આપશ્રીને વિદિત થાય.

(બી.એન.સગર)
પોલીસ ઇન્સપેક્ટર
એલ.આઇ.બી., ભરूચ

સ.સા. રવાના ;
કોમ્પ્યુટર શાખા તરફ

**DATE: 05/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–04**

### જુના દિવા રોડ પર ચેઇન સ્નેચિંગની ઘટના બની હતી

# અંકલેશ્વરમાં મહિલાનો અછોડો તોડનારા ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ જિલ્લામાં અછોડા તોડતી ટોળકીના 3 સાગરિતોને પોલીસે ઝડપી પાડયાં છે. તેઓ એકલવાયી મહિલાઓને નિશાન બનાવી તેમના ગળામાંથી અછોડો તોડી નાસી જતાં હતાં. ઝડપાયેલાં આરોપી ઉત્તરપ્રદેશના રહેવાસી છે.

અંકલેશ્વર 27 મી નવેમ્બર ના રોજ જુના દીવા વિસ્તારમાં આવેલી નવી નગરીમાં સુમિત્રા પટેલ તેના મકાન નજીક આવેલા જોગણી માતાની ડેરીમાં દિવાબત્તી કરવા ગયાં હતાં. આ સમયે બે અજાણ્યા બાઈક સવાર ઈસમો પૈકી એક ઇસમે તેની પાસે આવીને પૂછ્યું હતું કે,આ કોનું મંદિર છે જેથી સુમિત્રાબેન આ જોગણી માતાની ડેરી હોવાનું જણાવ્યું હતું.ત્યાર બાદ તકની રાહ જોઈને ઊભેલા એક ઇસમે સુમિત્રાબેન ગળામાં પહેરેલી અંદાજે એક તોલાની સોનાની ચેન પાછળથી તોડીને બાઈક પર બેસીને ફરાર થઇ ગયા હતાં.

ભરૂચ સી ડિવિઝન પોલીસે હાલ હાંસોટ ના અલવા ગામ ખાતે રહેતા અને મૂળ ઉત્તર પ્રદેશ ના ઝીઝાન ખાતે રહેતા રાજીવ નાઈ, રાજકુમાર ચમાર અને મોહન રાણાને ઝડપી પાડ્યા હતા.તેમણે જિલ્લામાં આચરેલા ગુનાઓ અંગે કબુલાત કરતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

તેમણે અંકલેશ્વરના ગુનાની કબુલાત કરતાં તેમને ટ્રાન્સફર વોરંટથી અંકલેશ્વર લવાયાં છે.ભરૂચ શહેર અને જિલ્લામાં એકલવાયી મહિલાઓના ગળામાંથી અછોડા તોડી જતી ટોળકીના 3 સાગરિતોને ઝડપી લેવામાં પોલીસને સફળતા મળી છે. આરોપીઓએ અન્ય કોઇ સ્થળે અછોડા તોડયાં છે કે કેમ તેની વિગતો મેળવવામાં આવી રહી છે. આરોપીઓ કેવી રીતે ગુનાને અંજામ આપતા હતાં અને તેમને કોઇ આશ્રય આપતું હોવા સહિતની બાબતો હજી બહાર આવવાની બાકી છે.

ભરૂચ શહેર તથા જિલ્લામાં થોડા સમયથી ચેઈન સ્નેચિંગના બનાવોમાં વધારો થયો છે. ખાસ કરીને એકલવાયી વૃધ્ધ મહિલાઓ ટોળકીના નિશાના પર રહેતાં હોય છે. અંકલેશ્વરમાં પણ આરોપીઓએ મંદિરથી પરત ફરી રહેલી મહિલાને રોકી હતી અને તેને વાતોમાં ફસાવીને તેના ગળામાંથી સોનાનો અછોડો આંચકી લીધો હતો.

**DATE: 05/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–01**

### ભરૂચ હોસ્ટેલ ગ્રાઉન્ડ ખાતે બનેલી ઘટના

# મોપેડમાં દારૂનો વેપલો કરતો બુટલેગર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના હોસ્ટેલ ગ્રાઉન્ડ ખાતે મોપેડની ડેકીમાં વિદેશીદારૂની બોટલો મુકી વેપલો કરતાં બુટલેગરને પોલીસે ઝડપી પાડ્યો હતો. પ્રાથમિક પુછપરછમાં તેણે મુખ્ય બુટલેગરનું પણ નામ ખોલતાં ભરૂચ એ ડિવિઝન પોલીસે બન્ને વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ એ ડિવિઝન પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, કોસ્ટલ ગ્રાઉન્ડ ખાતે એક શખ્સ કાળા-સફેદ કલરની મોપડની ડેકીમાં એક શખ્સ વિદેશીદારૂનો જથ્થો રાખી વેચાણ કરે છે. જેના પગલે ટીમે સ્થળ પર રેડ પાડી વિદેશીદારૂનો વેપલો કરનાર શખ્સને ઝડપી પાડી પુછપરછ કરતાં તેનું નામ મોહંમદ અકરમ મોહમદ સફી શેખ (રહ.ફર્જારોડ, હોવાનું માલુમ પડ્યું હતું. તેની મોપેડની ડેકીમાંથી વિદેશીદારૂની 3 બોટલો મળી આવતાં પોલીસે તેની ધરપકડ કરી દારૂ તેમજ મોપેડ સહિતો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પ્રાથમિક પુછપરછમાં તેણે કબુલ્યું હતું કે, વેજલપુરના મુસ્લીમ ખારવાવાડ ખાતે રહેતાં મહંમદ ઈફ્તેખાર ઉર્ફે અદુ બાવા તજમુલહુસેન શેખ પાસેથી તે વેચાણના ઈરાદે દારૂની બોટલ લાવ્યો હતો. જેના પગલે ટીમે બન્ને વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે.

**DATE: 05/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–01**

# નેત્રંગની મોવી ચોકડી નજીકથી જુગારી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | નેત્રંગ

નેત્રંગ તાલુકાના મોવી ગામની ચોકડી પાસે ડેડીયાપાડા રોડ ઉપર સલુનની દુકાન પાછળ જુગારનો અડ્ડો ચાલી રહયો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા પોલીસે સ્થળ પરથી રોકડા અને ફોન મળી કુલ ૫ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને જુગાર રમતા મોવી ગામના સંજય વસાવાને ઝડપી પાડ્યો હતો જ્યારે રાજપીપળાના મુખ્ય સુત્રધારને વોન્ટેડ જાહેર કરી તપાસ હાથ ધરી છે. પોલીસની કાર્યવાહીના પગલે જુગારની અસામાજી પ્રવૃત્તિ ચલાવતા તત્વોમાં ફફડાટ ફેલાઇ ગયો છે.

**DATE: 06/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# ટંકારિયામાં ગૌવંશની કતલ કરતા એક ઝડપાયો, પુત્ર સહિત 3 વોન્ટેડ

**પાલેજ** પોલીસે 150 કિલો ગૌવંશના માંસ સાથે યુનુસ વાડીવાલાની ધરપકડ કરી



ભરૂચ: ભરૂચના ટંકારિયા ગામે પાલેજથી પરખેત જવાના માર્ગ ઉપર પતરાના શેડમાં ચાલતી ગૌવંશની કતલને પોલીસે ઝડપી પાડી એક આરોપીની ધરપકડ કરી હતી.

પાલેજ પોલીસને બાતમી મળી હતી કે, ટંકારિયા ગામે ગૌવંશની કતલ અને માંસનું વેચાણ થાય છે. જેના આધારે દરોડો પાડવામાં આવતાં સ્થાનિક યુનુસ ઇસ્માઇલ વાડીવાલા રંગેહાથ ગૌવંશની કતલ કરતા ઝડપાઇ ગયો હતો.પોલીસે સ્થળ પર રહેલા કતલ કરાયેલા ગૌવંશના સેમ્પલો વેટરિનરી તબીબને બોલાવી અભિપ્રાય લેવા સાથે સુરત એફએસએલમાં પણ આ માંસ ગૌવંશનો હોવાનો રિપોર્ટ આવ્યો હતો. સ્થળ પરથી 150 કિલો ગૌવંશના માંસનો જથ્થો કિંમત રૂ.15 હજાર, કતલ કરેવા વપરાતા કુહાડી, ધારિયા, 5 નાના ચપ્પા, 4 છરા, પતરી અને દાતરડું કબજે લેવાયું હતું. ગૌવંશ કતલના ગુજરાત સંરક્ષણ સુધારા અધિનિયમ અને પશુ ઘાતકીપણાની કલમ હેઠળ યુનુસ વાડીવાલાની ધરપકડ કરી હતી. જ્યારે આ ગુનામાં સંડોવાયેલો તેનો પુત્ર મુસ્તાક, મોહસીન બંગલાવાલા અને એક મજૂરને વોન્ટેડ જાહેર કરાયો હતો.

**DATE: 06/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# રાયમાથી ટ્રેક્ટર ચોરનારો આરોપી ઝડપાયો



હાંસોટ: હાંસોટના માલણપોર ગામના ખેડૂત પ્રણવ ઉપાધ્યાય વ્યવસાયે વકીલ છે અને સુરત ખાતે રહે છે. તેમણે ખેતી માટે એક માણસને રોક્યો હતો. જે તેમની ગેરહાજરીમાં ખેતીનું કામ કરતો હતો. થોડા દિવસ પૂર્વે પોતાના નવા જ લીધેલા ટ્રેક્ટરને ખેતી બાદ પોતાની જગ્યામાં મૂકતા હતા. એક દિવસ રાત્રે ટ્રેક્ટર ચોરીનો પ્રયાસ કર્યો હતો. જેથી તેમણે ટ્રેક્ટર રાયમા ગામે પોતાના ઓળખાણવાળા ભાઈને ત્યાં મૂક્યું હતું. બાદ રાયમા ગામેથી ટ્રેક્ટર લાવી ખેતી કરતા હતા. બે-ત્રણ દિવસ બાદ રાયમા ટ્રેક્ટર લેવા જતાં ટ્રેક્ટર ન મળતાં કોઈ ચોરી ગયાનું જણાઈ આવ્યું હતું.

જે અંગેની ફરિયાદ હાંસોટ પોલીસમથકમાં નોંધાતાં હાંસોટ પોલીસે તાત્કાલિક તપાસ આરંભતાં બાતમીના આધારે રાયમાના અલફાઝ મહેબૂબ વશીની ધરપકડ કરતાં તેણે ટ્રેક્ટર ચોર્યાની કબૂલાત કરી હતી. ટ્રેક્ટર સજોદથી મળ્યું હતું. જ્યારે રોટ્રેટ પંડવાઈથી મળ્યું હતું. આશરે સાડા સાત લાખ રૂ.ના ટ્રેક્ટરની ચોરી કરી હતી.

**DATE: 06/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ભરૂચના ભીડભંજન ખાડી પાસેની ઘટના

# જાહેરમાં જુગાર રમતાં ત્રણ જુગારી ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના ભીડભંજન ખાડી વિસ્તારમાં જુગાર રમતાં 3 જુગારિયાઓને એ ડિવિઝન પોલીસે ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમની પાસેથી 10 હજારથી વધુની રોકડ રકમ જપ્ત કરી તમામ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ એ ડિવિઝન પોલીસ સ્ટેશનની ટીમ પેટ્રોલિંગમાં હતી તે વેળાં ચોક્કસ બાતમી મળી હતી કે, શહેરના ભીડભંજનની ખાડી વિસ્તારમાં હનુમાન મંદિર પાસે વસંત ચતુર વસાવાના ઘરની બહાર કેટલાંક શખ્સો જાહેરમાં જુગાર રમી રહ્યાં છે. જેના પગલે ટીમે તુરંત સ્થળ પર દોડી જઈ દરોડો પાડતાં વસંત ચતુર વસાવા, અનિલ ચતુર ઠાકોર તેમજ નિતીન જગદીશ શુક્લ પત્તાપાનાનો જુગાર રમતાં ઝડપાઈ ગયાં હતાં.

ટીમે તેમની પાસેથી રોકડા 10 હજારથી વધુ તેમજ જુગારના અન્ય સાધનો જપ્ત કરી તમામ વિરૂદ્ધ જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. તમામ જુગારીયાઓને સોનેરી મહેલ ખાતે આવેલા એ-ડિવીઝન પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવ્યાં હતા.

# ઉછાલીના ફાર્મ હાઉસમાંથી દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

એલસીબીએ ઉછાલી ગામ ના ફાર્મ હાઉસ ની ઓરડીમાંથી ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે એક બુટલેગરને ઝડપી પાડ્યો હતો. જ્યારે એક વોન્ટેડ જાહેર કરાયો હતો. અંકલેશ્વર તાલુકાના નેશનલ હાઈવે નં 48 તિરંગા હોટલની પાછળ ઉછાલી ગામની સીમમાં હસમુખ વડોદરિયાના ફાર્મમાં આવેલા ઓરડીમાં દારૂનો જથ્થો સંતાડી રખાયો હોવાની માહિતી એલસીબી પીઆઇ ઉત્સવ બારોટને મળી હતી. જેના આધારે એલસીબીની ટીમે દરોડા પાડયાં હતાં.જેમાં દારૂ તથા બિયરનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે બુટલેગર હસમુખ વડોદરિયા ની ધરપકડ કરી હતી. જ્યારે માંડવીના સુનીલને વોન્ટેડ જાહેર કર્યો છે.

**DATE: 08/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# સજોદ ગામે જુગાર રમતાં બે ખેલી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના સજોદ ગામ ખાતે રહેતો સતીશ વસાવા અને નીરવ અ વસાવા નવા હરીપરા ગામના સ્મશાન પાસે આંકડા નો જુગાર રમી રહ્યા હોવાની મળેલી ના આધારે તાલુકા પોલીસે રેડ કરી હતી. જેમાં આંકડાનો જુગાર રમતા સતીશ વસાવા અને નીરવ વસાવા ને ઝડપી પાડયા હતા તાલુકા પોલીસે સ્થળ પરથી રોકડા રૂપિયા 19 હજાર તેમજ બે નંગ મોબાઈલ મળી કુલ 29 હજાર રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

**DATE: 08/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### મહેકુજ કોમ્પલેક્ષની દુકાનમાં પોલીસનો દરોડો

# ભરૂચમાં ઈ-સિગરેટ વેચનાર વિરૂદ્ધ ફરિયાદ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચની વેલફેર હોસ્પિટલ સામે આવેલાં મહેકુજ કોમ્પ્લેક્ષમાંની બ્લુ આઈસ નામની હુક્કાના સામાનની દુકાનમા એસઓજીની ટીમે દરોડો પાડી તેમાંથી 25 હજારથી વધુની મત્તાની અલગ અલગ બ્રાન્ડની પ્રતિબંધિત ઈ-સિગરેટનો જથ્થો જપ્ત કર્યો હતો. ટીમે દુકાનના સંચાલક વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ એસઓજીની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, વેલફેર હોસ્પિટલ સામે આવેલી મહેકુજ કોમ્પલેક્ષમાં આવેલી બ્લુ આઈસ નામની હુક્કાના સામાનની દુકાનમાં ગેરકાયદે રીતે પ્રતિબંધિત ઈ-સિગરેટનું વેચાણ થાય છે. જેના પગલે ટીમે દુકાનમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. ટીમે ચેકિંગ વેળાં તેની દુકાનમાંથી અલગ અલગ બ્રાન્ડની કુલ 25 હજારની મત્તાની ઈ-સિગરેટનો જથ્થો મળી આવ્યો હતો. ટીમે દુકાન સંચાલકનું નામ પુછતાં તેણે પોતાનું નામ આસિફ ઈસ્માઈલ પટેલ (રહે. રોશન પાર્ક, જંબુસર બાયપાસ) હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે તેની પાસે ઈ-સિગરેટ વેચવા માટેની પરમિશનની માંગણી કરતાં તે મળી આવી ન હતી.

**DATE: 08/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

## એલસીબીએ મારવાડી ટેકરા પાસે રેડ પાડી

# કારમાં વિદેશીદારૂની ખેપ મારતો બુટલેગર ઝડપાયો



ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એલસીબીની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ભરૂચના ધોળીકુઇ બજાર મારવાડી ટેકરા ખાતે રહેતો કુખ્યાત બુટલેગર હનિફ ઉર્ફે અન્નુ ઇમરાન દિવાને કારમાં વિદેશીદારૂની ખેપ મારી આવ્યો છે. જેના પગલે ટીમે તુરંત સ્થળ પર દરોડો પાડતાં ત્યાં કાળા કલરની કારમાંથી હનિફ ઉર્ફે અન્નુ ઇમરાન દિવાન કારની ડેકીમાંથી દારૂનો જથ્થો ઉતારતો મળી આવતાં ટીમે તેને ઝડપી પાડ્યો હતો. તેની પાસેની કાર અંગે પુછતાં તેણે જણાવ્યું હતું તે કાર સાજીદ નવાબ નામના એક શખ્સ પાસેથી ગીરવે રાખી છે. જેનો તે ઉપયોગ કરે છે. ટીમે તેની પાસેનો દારૂ કોનો છે ક્યાંથી લાવ્યો તેની પુછપરછ કરતાં તેણે જણાવ્યું હતું કે, ઝોકલા ગામનો અતુલ કમલશ વસાવા ઇકો કારમાં તેને દારૂ આપી જતાં તે કારમાં તે લઇને આવ્યો હતો. ટીમે તેની પાસેથી 48 હજારનો દારૂ તેમજ 10 લાખની કાર મળી કુલ 10.48 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમજ હનિફ ઉર્ફે અન્નુ ઇમરાન દિવાન તેમજ વોન્ટેડ અતુલ કમેશ વસાવા વિરૂદ્ધ એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 09/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

### ઘરમાં બહારના લોકોને બોલાવી જુગાર રમાતો હતો

# ભરૂચમાં જુગાર રમતાં 6 ઝબ્બે ₹1.06 લાખનો મુદ્દામાલ જપ્ત

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના કતોપોર બજાર વિસ્તારમાં એક શખ્સ તેના ઘરમાં જ બહારથી લોકોને બોલાવી જુગાર રમાડતો હતો. દરમિયાનમાં એલસીબીની ટીમે તેના ઘરે દરોડો પાડી કુલ 6 જુગારિયાઓને ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમની પાસેથી રોકડા 30 હજાર મળી કુલ 1.06 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. એલસીબીએ તમામ જુગારિયાઓ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી તે વેળાં તેમને ચોક્કસ બાતમી મળી હતી કે, શહેરના કતપોર બજાર પાછળ ઓરેન્જ ફેશન દુકાન ઉપર એપાર્ટમેન્ટમાં મહેબુબ ડભોઈવાલા તેના મકાનમાં બહારથી લોકોને બોલાવી પોતાના આર્થિક ફાયદા સારૂ જુગારની મહેફિલ જમાવે છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. ટીમે મહેબુબ અબ્દુલ કરીમ ડભોઈવાલા, શબ્બીર ઈસ્માઈલ જાલીવાલા, સિદીક ઈસ્માઈલ લાકડાવાલા, મિયામહંમદ યુસુફ લોખંડવાલા, આસિફ મિયાઅહેમદ ઘડિયાળી તેમજ મહંમદ ઈબ્રાહીમ ડભોઈયાને ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમની પાસેથી કુલ 30 હજાર રૂપિયા રોકડા તેમજ 26 હજારની મત્તાના 6 મોબાઈલ તથા બે બાઈક મળી કુલ 1.06 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ટીમે તમામ ઝડપાયેલાં આરોપીઓ વિરૂદ્ધ જુગારધારા હેઠળ ફરિયાદ નોંધતાં ભરૂચ એલસીબી પોલીસકુલ 6 જુગારિયાઓને ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

**DATE: 09/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

4 ઈસમ પાસે થી 7260 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત

# દઢાલ ગામ ખાતેથી જુગાર રમતા 2 ખેલીઓ ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ના દઢાલ ગામ ખાતે થી સટ્ટાબેટિંગ નો જુગાર રમતા 2 ખેલી ઝડપાયા અને 2 ફરાર થઈ ગયા હતા. પોલીસે આંક ફરક નો સટ્ટો રમાડતા અને રમતા 4 ઈસમ પાસે થી 7260 રૂપિયા નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

ભરૂચ એલસીબી પોલીસની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન દઢાલ ગામ ખાતે વરલી મટકા નો આંક ફરક નો સટ્ટાબેટિંગ નો જુગાર રમાતો હોવાની ચોક્કસ માહિતી આધારે દઢાલ ગામ ખાતે દરોડા પાડ્યા હતા. જે આધારે સ્થળ પર થી ધનુ ચતુર વસાવા અને કલ્પેશ વસાવા ને રંગે હાથ ઝડપી પાડ્યા હતાં જ્યારે રમેશ ઉર્ફે સેહવાગ વસાવા, અને વિક્રમ વસાવા ફરાર થઈ ગયા હતા પોલીસે બંને ને વોન્ટેડ જાહેર કર્યા હતા જયારે સ્થળ પર થી આંક ફરક રમવા ના જુગાર ના સાધનો અને રોકડ મળી કુલ 7260 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમજ ઝડપાયેલ જુગારીયા ને તાલુકા પોલીસ ના હવાલે કરવામાં આવ્યા હતા.

**DATE: 09/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

# પ્રોહિબિશનના ગુનાના આરોપીને ઝડપી પાડતી અંકલેશ્વર એલસીબી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી ની ટીમ ગત રોજ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે અંકલેશ્વર શહેર પોલીસ મથક ના પ્રોહિબિશનના ગુનામાં વોન્ટેડ આરોપી સુરેન્દ્ર સોમા વસાવા પોતાના માંડવા ગામ ખાતે આવ્યો છે. જે આધારે એલસીબી પોલીસની ટીમે માંડવા ગામના વસાવા ફળીયા માંથી ઝડપી પાડ્યો હતો અને અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ ના હવાલે કરતા પોલીસ ધરપકડ કરી પૂછપરછ આરંભી હતી.

**DATE: 10/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## 1,500 ની લેતીદેતીમાં એક યુવાન પર હિંસક હુમલો

# પ્રતિન ચોકડી પાસે મારામારીના કેસમાં બે આરોપીઓ ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર પ્રતિન ચોકડી પર શ્રમજીવી પરિવારો વચ્ચે હિંસક હુમલાના કેસમાં પોલીસે 2 આરોપીની ધરપકડ કરી હતી. 1,500 રૂપિયા ની લેવડ-દેવડમાં બનેલી ઘટનામાં ગંભીર રીતે ઘાયલ ઈજાગ્રસ્ત ને સારવાર હેઠળ સુરત ખસેડવામાં આવ્યો હતો.

થોડા સમય પહેલાં અંકલેશ્વર જુના નેશનલ હાઈવે નંબર 8 પર પ્રતિન ચોકડી નજીક આવેલી ઝુપડપટ્ટી વિસ્તારમાં રોડ પાસે રહેતા બે શ્રમજીવીગૃપ વચ્ચે હિંસક મારામારી થઈ હતી. જેમાં નરેશ પલાસ ગંભીર રીતે ઘાયલ થયો હતો જ્યારે અન્ય ને નાની મોટી ઈજા પહોંચી હતી.ઈજાગ્રસ્તની પત્નીએ અંકલેશ્વર સીટી બી ડિવિઝન પોલીસમાં સાવન ગણેશ ખંધારે અને બાદલ ગણેશ ખંધારે વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બંને આરોપીઓને ઝડપી પાડી જેલભેગા કરી દીધાં છે. અત્રે ઉલેખનીય છે કે નરેશ પલાસની હાલત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે. અંકલેશ્વરની પ્રતિન ચોકડી પાસે શ્રમજીવી પરિવારોએ પડાવ નાંખ્યાં છે. તેઓ વચ્ચે અવારનવાર ઝગડાઓ થઈ રહયાં છે ત્યારે આસપાસ આવેલી દુકાનો અને સ્થાનિક રહીશો ત્રાહિમામ પોકારી ઉઠયાં છે. આ વિસ્તારમાં ટુંકા સમયમાં મારામારીના બે બનાવો બની ચુક્યાં છે. માત્ર 1,500 રુપિયાની લેવડદેવડમાં થયેલાં ઝઘડામાં એક વ્યકતિ પર જીવલેણ હુમલો કરાયો છે. બંને આરોપીઓ ઈજાગ્રસ્ત પર લાકડીના સપાટા લઈને તુટી પડયાં હતાં . હુમલામાં ગંભીર રીતે ઘવાયેલો યુવાન હાલ સુરતની હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે.

**DATE: 10/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

## વૃદ્ધાને વાતોમાં ભોળવી ઠગાઇ કરી હતી

# ભરૂચ પોલીસે વૃદ્ધાને 3.29 લાખ પરત અપાવ્યાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના એક સિનિયર સિટીઝનના ખાતામાંથી ગઠિયાઓએ 3.77 લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધાં હતાં.

ભરૂચ જિલ્લામાં સાયબર ક્રાઈમના કેસોની સંખ્યા વધી રહી છે. તેમાંય એટીએમ ફ્રોડ, લોન-લોટરી ફ્રોડ સહિત અન્ય છેતરપિંડીના નુસખા અજમાવી ગઠિયાઓ લોકોને છેતરી રહ્યાં છે. જેના પગલે એસપી ડો. લીના પાટીલે આ પ્રકારના ગુનાઓમાં ભોગ બનનારાઓને મદદરૂપ થવા માટે અને વહેલી તકે તેમના રુપિયા પરત મળે તે માટેના પ્રયાસ કરવા સુચના આપી છે. ત્યારે ભરૂચની એક વૃદ્ધા પેન્શનની રકમથી પોતાનું જીવન નિર્વાહ ચલાવી રહી હતી. અરસામાં કોઈ ગઠિયાએ તેમને ભોળવી તેમના પેન્શનના ખાતામાંથી 3.77 લાખ રૂપિયા ટ્રાન્સ્ફર કરાવી લીધાં હતાં. દરમિયાનમાં ભરૂચ સાયબર ક્રાઈમની ટીમને ઘટનાની જાણ થતાં તેમણે ટેક્નિકલ એનાલીસીસ કરી ઠગાઈનો ભોગ બનનારી વૃદ્ધાના એકાઉન્ટમાં 3.29 લાખ રૂપિયા પરત કરાવી આપ્યાં હતાં

ફિકોમ ચોકડી પાસે કાર્યવાહી કરાઈ

# અંકલેશ્વરમાં 2500 કિલોના ભંગાર સાથે ડ્રાયવર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ ફીકોમ ચોકડી પાસે 2,500 કિલો ઉપરાંત ના ભંગાર ના જથ્થા સાથે પીકઅપ ગાડીના ડ્રાયવરને ઝડપી પાડયો છે.

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે એશિયન પેન્ટ ચોકડીથી ફીકોમ ચોકડી તરફ પીકઅપ ગાડીમાં શંકાસ્પદ ભંગારનો જથ્થો જઈ રહ્યો છે. જે આધારે વોચ ગોઠવી પીક અપ ગાડી આવતા પોલીસે કોર્ડન કરી અટકાવી હતી. પોલીસે ગાડીના ડ્રાયવર ચંદ્રશેખર ઉર્ફે ચંદુ વર્માને ભંગારના જથ્થા અંગે જરૂરી આધાર પુરાવા તેમજ બિલ માગતા તે સંતોષકારક જવાબ આપ્યો ન હતો. જેથી આ ભંગાર ચોરીનું હોવાનું માનવામાં આવી રહયું છે. પોલીસે 2520 કિલો લોખંડ ભંગાર કિંમત રૂપિયા 88200 તેમજ પીક અપ ગાડી કિંમત રૂપિયા 4 હજાર મળી કુલ 4.88 લાખ રૂપિયા નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચના અંકલેશ્વરમાં એશિયાની સૌથી મોટી જીઆઇડીસી આવેલી છે અને તેના કારણે ભંગાર સહિતના અનેક માર્કેટો ધમધમી રહયાં છે ત્યારે આ વિસ્તારમાં ચોરીના બનાવો પણ ઘણાં વધી રહયાં છે.

**DATE: 10/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–00**

# મિડિયામાં પોસ્ટ બાબતનો ઝઘડો BTP કાર્યકરની હત્યાની કોશિશમાં એક ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં વોટસએપ ગૃપમાં પોસ્ટ બાબતે થયેલાં ઝઘડામાં બીટીપીના કાર્યકર પર કાર ચઢાવી તેની હત્યાની કોશિશના ગુનામાં ફરાર આરોપીને પોલીસે ઝડપી પાડયો છે.

બીટીપી વોટ્સએપ ગૃપમાં નવા દીવાના કિશન વસાવાએ બીટીપીના મુકેશ વસાવા સામે અભદ્ર ટિપ્પણી કરી હતી. આ બાબતે બંને વચ્ચે ઝગડો થયો હતો. મુકેશ વસાવા મિત્રો જોડે ગણપતિની શોભાયાત્રા જોવા માટે અંકલેશ્વર ખાતે આવ્યો હતો. તે તેના મિત્રો સાથે શોભાયાત્રા જોઇ રહયો હતો તે સમયે કિશન વસાવા અને તેના સાગરિતોએ તેના પર કાર ચઢાવી દેવાનો પ્રયાસ કર્યો હતો. મુકેશ વસાવા કૂદી જતા તેનો બચાવ થયો હતો પણ કારે ચાર મહિલાઓને અડફેટમાં લેતાં હોબાળો મચી ગયો હતો. કિશન વસાવા અને તેના સાગરિતો કાર મુકીને ભાગી છુટયાં હતાં. આ ગુનામાં વોન્ટેડ બુટલેગર અને હુમલાખોર કિશન વસાવા ને એલસીબી પોલીસે ઝડપી પાડયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વોટસએપ ગૃપમાં થયેલી એક પોસ્ટ બાબતે યુવાનોના બે ગૃપ વચ્ચે ઝગડો થયો હતો જેના હિંસક પ્રત્યાઘાતો પડયાં હતાં. આ ગુનામાં સંડોવાયેલો કિશન વસાવા છેલ્લા ઘણા સમયથી પોલીસને ચકમો આપી નાસતો ફરતો હતો. ભરૂચ એલસીબીની ટીમે તેને ઝડપી પાડી વધુ તપાસ માટે સ્થાનિક પોલીસને સોંપ્યો છે.

**DATE: 11/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ખેપિયા સહિત બે વિરૂદ્ધ ગુનો નોંધાયો

# મોપેડની ડેકીમાં દારૂ રાખી વેપલો કરતો શખ્સ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના સ્ટેશન રોડ પર મેટ્રો શુઝના શોરૂમની ગલીમાં મોપેડની ડેકીમાં દારૂ રાખી વેપલો કરતાં શખ્સને એલસીબીની ટીમે ઝડપી પાડ્યો હતો. ટીમે તેની પાસેથી વિદેશીદારુની 4 બોટલ તેમજ દારૂ વેચાણના 3 હજાર રૂપિયા રોકડા તથા આઈફોન અને મોપેડ મળી કુલ 90 હજારથી વધુનો મુદામાલ જપ્ત કર્યો હતો. ટીમે તેને દારૂ આપનાર સહિત બન્ને વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ એલસીબીની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, સ્ટેશન રોડ પર આવેલાં મેટ્રો શુઝના શોરૂમની ગલીમાં એક શખ્સ કાળા કલરની એક્ટિવાની ડેકીમાં વિદેશીદારૂ રાખી વેપલો કરે છે. જેના પગલે ટીમે સ્થળ પર રેડ પાડતાં ચિરાગ સુરેશ વસાવા (રહે. આચારજીની ચાલ)ને પોલીસે ઝડપી પાડ્યો હતો. ટીમે તેની એક્ટીવાની ડેકીમાંથી 4 બોટલો મળી આવી હતી. જે અંગે પુછતાં તેણે ચાવજના રાહુલ વસાવા પાસેથી દારૂ લાવ્યો હોવાની કબુલાત કરી હતી. ટીમે 2400 રૂપિયાનો દારુ તેમજ દારૂ વેચાણના 3 હજાર રૂપિયા સાથે તેઓ આઈફોન તથા એક્ટિવા મળી કુલ 90 હજારનો મુદામાલ જપ્ત કર્યો હતો. ટીમે બન્ને વિરૂદ્ધ એ ડિવિઝન પોલીસ મથકે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.સ્ટેશન રોડ પર આવેલાં મેટ્રો શુઝના શોરૂમની ગલીમાં એક શખ્સ કાળા કલરની એક્ટિવાની ડેકીમાં વિદેશીદારૂ રાખી વેપલો ચલાવતો હતો. જેને એલસીબીની ટીમે ઝડપી પાડયો હતો.